# આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા

**પ્રશ્નપત્રનુ નામ: <u>ચતુર્થ કર્મગ્રંથ - ષડશીતિનામા (ગાથા 44 થી 86)</u>** **પ્રશ્નપત્ર કોડ: <u>006</u>**

**તૈયાર કરનારનું નામ: <u>આચાર્ય ભગવંત શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મ.સા.</u>**

**પ્રાપ્તિસ્થાન** : આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા, ૧૨, શ્રેયાંસનાથ સોસાયટી, ધરણીધર દેરાસરની પાછળ, વાસણા, અમદાવાદ-7.

## પ્ર.1 સવાલના જવાબ લખો. (50 ના 50 માર્ક)

1) બીજા સાસ્વાદન ગુણઠાણે 14 જીવસ્થાનકમાંથી કયા કયા જીવસ્થાનક હોય ? અને કયા કયા જીવસ્થાનક ન હોય? શા માટે ?

2) ચોથુ (4) અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણઠાણે 14 જીવસ્થાનકમાંથી કયા કયા જીવસ્થાનક હોય અને કયા કયા જીવસ્થાનક ન હોય? શા માટે ?

3) દેશવિરતિ આદિ 5 થી 14 ગુણઠાણે 14 જીવસ્થાનકમાંથી કયા કયા જીવસ્થાનક હોય અને કયા કયા જીવસ્થાન ન હોય? શા માટે ?

4) પહેલા(1) મિથ્યાત્વ ગુણઠાણે 15 યોગમાંથી કયા કયા યોગ હોય અને કયા કયા યોગ ન હોય? શા માટે ?

5) ચોથે(4) અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણઠાણે 15 યોગમાંથી કયા કયા યોગ હોય અને કયા કયા યોગ ન હોય ? શા માટે ?

6) બીજા(2) સાસ્વાદન અને ત્રીજા(3) મિશ્ર ગુણઠાણે 15 યોગમાંથી કયા કયા યોગ ન હોય? શા માટે ?

7) અપૂર્વકરણાદિ પાંચ (8 થી 12) ગુણઠાણે 15 યોગમાંથી કયા કયા યોગ ન હોય? શા માટે ?

8) પાંચમા(5) દેશવિરતિ ગુણઠાણે વૈક્રિય કાય યોગ અને વૈક્રિય મિશ્ર કાય યોગ હોય કે નહિ? શા માટે ?

9) છઠ્ઠા(6) પ્રમત્ત ગુણઠાણે 15 યોગમાંથી કયા કયા યોગ ન હોય? શા માટે ?

10) સાતમા(7) અપ્રમત્ત ગુણઠાણે વૈક્રિય,વૈક્રિય મિશ્ર,આહારક,આહારક મિશ્ર કાય યોગ હોય કે નહિ? શા માટે ?

11) સયોગી કેવલી(13) ગુણઠાણે 15 યોગમાંથી કયા કયા યોગ હોય અને કયા કયા યોગ ન હોય? શા માટે ?

12) પહેલા મિથ્યાત્વ ગુણઠાણે 12 ઉપયોગમાંથી કયા કયા ઉપયોગ ન હોય? શા માટે ?

13) ચોથા(4) અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણઠાણે 12 ઉપયોગમાંથી કયા કયા ઉપયોગ ન હોય? શા માટે ?

14) પાંચમા(5) દેશવિરતિ ગુણઠાણે અવધિ જ્ઞાનોપયોગ અને મન:પર્યવ જ્ઞાનોપયોગ હોય કે નહિ? શા માટે ?

15) છટ્ઠા(6) પ્રમત્ત સંયમ ગુણઠાણે મન:પર્યવ જ્ઞાનોપયોગ હોય કે નહિ? શા માટે ?

16) તેરમા(13) સયોગી કેવલી ગુણઠાણે મન:પર્યવ જ્ઞાનોપયોગ હોય કે નહિ? શા માટે ?

17) સિદ્ધાન્તકાર ભગવંતો બીજા(2) સાસ્વાદન ગુણઠાણે મતિ જ્ઞાન-શ્રુત જ્ઞાન અને કર્મગ્રંથકાર મતિ અજ્ઞાન-શ્રુતઅજ્ઞાન શા માટે કહે છે?

18) ઉત્તર વૈક્રિય શરીર અને આહારક શરીર બનાવતી વખતે સિદ્ધાન્તકાર ભગવંતો ઔદારિક મિશ્ર કાય યોગ શા માટે કહે છે? અને કર્મગ્રંથકાર ભગવંતો અનુક્રમે વૈક્રિય મિશ્ર અને આહારક મિશ્ર કાય યોગ શા માટે કહે છે?

19) સિદ્ધાન્તમાં એકેન્દ્રિયને બીજુ(2) સાસ્વાદન ગુણઠાણુ કહ્યું નથી એવું શા માટે નક્કી થાય છે ?

20) સાતમા અપ્રમત્ત ગુણઠાણે કઈ કઈ લેશ્યા હોય? શા માટે ?

21) પાંચમા(5) દેશવિરતિ ગુણઠાણે અવિરતિને કારણે કર્મ બંધાય કે નહિ? શા માટે ?

22) પ્રમત્તાદિ પાંચ (6 થી 10) ગુણઠાણે મિથ્યાત્વ,અવિરતિ,કષાય અને યોગ આ ચાર બંધ હેતુમાંથી કયા કયા બંધ હેતુ ન હોય? શા માટે ?

23) ઉપશાંત મોહાદિ ત્રણ (11 થી 13) ગુણઠાણે ચાર બંધ હેતુમાંથી કયા કયા બંધ હેતુ ન હોય? શા માટે ?

24) ચૌદમાં(14) અયોગી ગુણઠાણે ચાર બંધ હેતુમાંથી કયા કયા બંધ હેતુ ન હોય? શા માટે ?

25) શાતાવેદનીય કર્મનો બંધ મિથ્યાત્વ,અવિરતિ,કષાય,યોગ આ ચાર બંધ હેતુમાંથી કયા કયા હેતુથી થાય? શા માટે ?

26) પહેલા મિથ્યાત્વ ગુણઠાણે મિથ્યાત્વ,અવિરતિ,કષાય,યોગ આ ચારે ચાર બંધ હેતુ હોવા છતા પહેલા(1) મિથ્યાત્વ ગુણઠાણે શાતાવેદનીય કર્મના બંધનું કારણ એક જ મિથ્યાત્વ શા માટે કહ્યું છે?

27) મિથ્યાત્વ,અવિરતિ,કષાય,યોગ આ ચાર કર્મબંધના હેતુઓમાં કઈ કઈ પ્રકૃતિઓના બંધનું કારણ માત્ર મિથ્યાત્વ છે? શા માટે ?

28) મિથ્યાત્વ,અવિરતિ,કષાય,યોગ આ ચાર કર્મબંધના હેતુઓમાં મનુષ્ય આયુષ્ય અને તિર્યંચ આયુષ્યના બંધનુ કારણ શું છે? શા માટે ?

29) મિથ્યાત્વ,અવિરતિ,કષાય,યોગ આ ચાર કર્મબંધના હેતુઓમાં દેવ આયુષ્યના બંધનુ કારણ શું છે?શા માટે?

30) ગુણસ્થાનકમાં મૂળબંધ હેતુ કહેવાના પ્રસંગે દેશવિરતિ ગુણઠાણે અવિરતિ બંધ હેતુ કહ્યો છે તો 120 પ્રકૃતિના બંધ હેતુ કહેવાના પ્રસંગે દેશવિરતિ ગુણઠાણે પ્રત્યાખ્યાનીય ચતુષ્કનો બંધ હેતુ અવિરતિ શા માટે નથી કહ્યો ?

31) મિથ્યાત્વ,અવિરતિ,કષાય,યોગ આ ચાર કર્મબંધના હેતુઓમાં જિન નામ કર્મ અને આહારક દ્વિક (આહારક શરીર અને આહારક અંગોપાંગ નામ કર્મ) ના બંધનું કારણ શું છે? શા માટે?

32) દેશ વિરતિ (5) ગુણઠાણે ત્રસકાયની અવિરતિ હોય કે નહિ? શા માટે ?

33) અવિરત જીવોમાંથી કોઈ પણ એક જીવ ને એક સમયે પાંચે ઈન્દ્રિયની અવિરતિમાંથી કોઈ પણ એક જ ઈન્દ્રિયની અવિરતિ શા માટે હોય છે? તે દ્રષ્ટાન્ત સહિત સમજાવો.

34) ઈન્દ્રિયની અવિરતિમાં મનની અવિરતિનો સમાવેશ શા માટે થઈ જાય છે? તે દ્રષ્ટાંત સહિત સમજાવો.

35) કષાયોદયવાળા જીવોમાંથી કોઈ પણ એક જીવ ને એકી સાથે ક્રોધાદિ-4(ક્રોધ,માન,માયા,લોભ) કષાયોનો ઉદય હોય કે નહિ? શા માટે ?

36) નોકષાયોદયવાળા જીવોમાંથી કોઈ પણ એક જીવ ને એકી સાથે હાસ્ય,રતિ,અરતિ,શોક આ ચારેયનો ઉદય હોય કે નહિ ? શા માટે ?

37) વેદોદયવાળા જીવોમાંથી કોઈ પણ એક જીવને એકી સાથે ત્રણે(પુરુષ,સ્ત્રી,નપુંસક) વેદનો ઉદય હોય કે નહિ? શા માટે ?

38) એક જીવ ને એક સમયે 15 યોગમાંથી એક જ યોગ હોય કે વધારે પણ હોય? શા માટે ?

39) પહેલે મિથ્યાત્વ ગુણઠાણે મિથ્યાદ્રષ્ટિ જીવને અનંતાનુબંધી કષાયનો ઉદય ન હોય એવુ કયારે બને? શા માટે ?

40) પહેલે મિથ્યાત્વ ગુણઠાણે અનંતાનુબંધી કષાયના ઉદય વિનાના મિથ્યાદ્રષ્ટિ જીવ ને કાર્મણ કાય યોગ,ઔદારિક મિશ્ર કાય યોગ અને વૈક્રિય મિશ્ર કાય યોગ શા માટે ન હોય ?

41) પહેલા(1) મિથ્યાત્વ ગુણઠાણામાં રહેલા એક જીવ ને એક સમયે 57 ઉત્તર બંધ હેતુઓમાંથી જઘન્યથી કેટલા વિશેષ ઉત્તર બંધ હેતુ હોય? શા માટે એટલે કેવી રીતે ?

42) પહેલા(1) મિથ્યાત્વ ગુણઠાણામાં રહેલા એક જીવ ને એક સમયે ઉત્કૃષ્ટથી કેટલા વિશેષ ઉત્તર બંધ હેતુ હોય? શા માટે ?

43) પ્રમત્ત સંયત (6) ગુણઠાણે રહેલા એક જીવ ને એક સમયે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલા વિશેષ ઉત્તર બંધ હેતુ હોય? શા માટે ?

44) સયોગી કેવલી (13) ગુણઠાણે રહેલા એક જીવ ને એક સમયે કેટલા વિશેષ ઉત્તર બંધ હેતુ હોય અને તેના કેટલા ભાંગા થાય ? શા માટે ?

45) ત્રીજા મિશ્ર,આઠમા અપૂર્વકરણ અને નવમા અનિવૃત્તિ ગુણઠાણે કેટલા કર્મનું બંધસ્થાન હોય? શા માટે ?

46) સયોગી કેવલી (13) અને અયોગી કેવલી (14) ગુણઠાણે કેટલા કર્મનું ઉદયસ્થાન હોય? શા માટે ?

47) ત્રીજા મિશ્ર ગુણઠાણે આઠે(8) કર્મની ઉદીરણા શા માટે હોય? આઠથી ઓછા સાત(7) કર્મની ઉદીરણા શા માટે ન હોય ?

48) સાતમા અપ્રમત્ત ગુણઠાણે કેટલા કર્મનું ઉદીરણા સ્થાન હોય? શા માટે ?

49) ચોથા(4) ગુણઠાણાવાળા સમ્યગ્દ્રષ્ટિ જીવોથી અનંતગુણા અયોગી કેવલી ભગવંતો શા માટે કહ્યા ?

50) ચૌદ(14) ગુણઠાણામાં જે અલ્પબહુત્વ કહ્યું છે તે કયારે હોય? શા માટે ?

51) આઠ(8) કર્મોમાંથી ઔપશમિક ભાવ કયા કયા કર્મોમાં હોય છે? શા માટે ?

52) આઠ(8) કર્મોમાંથી ક્ષાયોપશમિક ભાવ કયા કયા કર્મોમાં હોય છે? શા માટે ?

53) ઔપશમિકાદિ પાંચ ભાવોમાંથી પુદ્રગલ દ્રવ્યમાં કયા કયા ભાવો હોય? શા માટે ?

54) 4 થી 7 ગુણઠાણામાં રહેલા એક જીવ ને ત્રણ(3) કે ચાર(4) ભાવ શા માટે હોય ?

55) ઔપશમિકાદિ પાંચ ભાવોમાંથી સયોગી કેવલી(13) અને અયોગી કેવલી(14) ગુણઠાણે એક જીવ ને કયા કયા ભાવો હોય? શા માટે ?

56) એક(1) ની ગણતરી સંખ્યામાં શા માટે થતી નથી ?

57) પ્રથમ અવસ્થિત પ્યાલો પણ અનવસ્થિત શા માટે કહેવાય છે ?

58) અસંજ્ઞી જીવ ને અનાભોગ મિથ્યાત્વ શા માટે હોય છે ?

59) રસબંધના અધ્યવસાય અને સ્થિતિ બંધના અધ્યવસાય આ બેમાંથી વધારે કોણ છે? શા માટે ?

60) સિદ્ધાન્તમા મતે અનુયોગ દ્વાર સૂત્રમાં અનંતાના 8 ભેદ છે કે 9 ભેદ છે? શા માટે ?

## પ્ર.2 વ્યાખ્યા લખો. ( 24 ના 12 માર્ક)

1) આભિગ્રહિક મિથ્યાત્વ
2) અનાભિગ્રહિક મિથ્યાત્વ
3) આભિનિવેશિક મિથ્યાત્વ
4) સાંશયિક મિથ્યાત્વ
5) અનાભોગિક મિથ્યાત્વ
6) સ્પર્શેન્દ્રિયની અવિરતિ
7) રસનેન્દ્રિયની અવિરતિ
8) ઘ્રાણેન્દ્રિયની અવિરતિ
9) ચક્ષુરિન્દ્રિયની અવિરતિ
10) શ્રોત્રેન્દ્રિયની અવિરતિ
11) મનની અવિરતિ
12) પૃથ્વીકાયની અવિરતિ
13) (જલ) અપકાયની અવિરતિ
14) અગ્નિકાયની અવિરતિ
15) વાયુકાયની અવિરતિ
16) વનસ્પતિ કાયની અવિરતિ

17) ત્રસકાયની અવિરતિ

18) ગુણઠાણામાં સામાન્ય ઉત્તર બંધ હેતુ

19) ગુણઠાણામાં વિશેષ ઉત્તર બંધ હેતુ

20) ઔપશમિક ભાવ

21) ક્ષાયિક ભાવ

22) ક્ષાયોપશમિક ભાવ

23) ઔદયિક ભાવ

24) પારિણામિક ભાવ

25) સાંનિપાતિક ભાવ

26) રાશિ અભ્યાસ

27) સ્થિતિબંધનો અધ્યવસાય

28) રસબંધનો અધ્યવસાય

## પ્ર.3 જોડકા જોડો. (90 ના 22.5 માર્ક)

### 1) લેશ્યા – કયા ગુણઠાણે

| | |
|---|---|
| 1. સર્વે (6) લેશ્યા | A. 1 થી 4 |
| 2. તેજો,પદ્મ,શુક્લ લેશ્યા જ | B. 1 થી 6 |
| 3. શુક્લ લેશ્યા જ | C. 1 થી 3 |
| 4. અલેશી | D. 1 થી 5 |
| | E. 4 થી 7 |
| | F. 6 થી 7 |
| | G. માત્ર 7 મુ જ |
| | H. 8 થી 11 |
| | I. 8 થી 13 |
| | J. 8 થી 12 |
| | K. 13 થી 14 |
| | L. માત્ર 14 મુ જ |

### 2) કર્મ – કયા કયા બંધ હેતુ

| | |
|---|---|
| 1. મતિ-શ્રુત-અવધિ-મન:પર્યવ-કેવલ જ્ઞાનાવરણીયાદિ- 5 | A. મિથ્યાત્વ,અવિરતિ,કષાય અને યોગ-4 |

| | |
|---|---|
| 2. નરકત્રિક | B. અવિરતિ,કષાય,યોગ-3 |
| 3. તિર્યંચત્રિક | C. મિથ્યાત્વ,અવિરતિ,કષાય-3 |
| 4. ચક્ષુ-અચક્ષુ-અવધિ-કેવલ દર્શનાવરણીયાદિ- 4 | D. કષાય,યોગ-2 |
| 5. દૌર્ભાગ્ય,દુ:સ્વર,અનાદેય(દુર્ભગત્રિક) | E. મિથ્યાત્વ,અવિરતિ-2 |
| 6. એકેન્દ્રિય,બેઈન્દ્રિય,તેઈન્દ્રિય,ચઉરિન્દ્રિય જાતિ (જાતિ ચતુષ્ક) | F. માત્ર યોગ જ-1 |
| 7. દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યાન્તરાયાદિ- 5 | G. માત્ર મિથ્યાત્વ જ-1 |
| 8. નિદ્રાનિદ્રા,પ્રચલા પ્રચલા, થીણદ્ધિ(થીણદ્ધિત્રિક) | |
| 9. સ્થાવર,સૂક્ષ્મ,અપર્યાપ્ત,સાધારણ (સ્થાવર ચતુષ્ક) | |
| 10. સંજવલન ક્રોધ-માન-માયા-લોભ | |
| 11. હુંડક સંસ્થાન,છેવટ્ઠુ સંઘયણ | |
| 12. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ | |
| 13. પુરુષ વેદ | |
| 14. નપુંસક વેદ | |
| 15. સ્ત્રી વેદ | |
| 16. અશાતા | |
| 17. શાતા | |
| 18. અરતિ,શોક | |
| 19. અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ | |
| 20. ત્રસ-9 (યશ વિના) | |
| 21. મધ્યમ સંસ્થાન ચતુષ્ક અને મધ્યમ સંઘયણ ચતુષ્ક | |

| | |
|---|---|
| 22. હાસ્ય,રતિ,ભય,જુગુપ્સા | |
| 23. અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ | |
| 24. અસ્થિર,અશુભ,અપયશ | |
| 25. મનુષ્યત્રિક | |
| 26. પહેલુ સંઘયણ | |
| 27. પહેલુ સંસ્થાન | |

### 3) ભાવ – કેટલા પ્રકાર(ભેદ)

| | |
|---|---|
| 1. ઔપશમિક ભાવ | A. 3 |
| 2. ક્ષાયિક ભાવ | B. 18 |
| 3. ક્ષાયોપશમિક ભાવ | C. 9 |
| 4. ઔદયિક ભાવ | D. 5 |
| 5. પારિણામિક ભાવ | E. 20 |
| | F. 21 |
| | G. 2 |

### 4) ગુણસ્થાનક – સામાન્યથી ઉત્તર બંધ હેતુ

| | |
|---|---|
| 1. મિથ્યાત્વ | A. 58 |
| 2. સાસ્વાદન | B. 57 |
| 3. મિશ્ર | C. 55 |
| 4. અવિરત સમ્યગ્દ્રષ્ટિ | D. 50 |
| 5. દેશવિરતિ | E. 47 |
| 6. પ્રમત્ત સંયત | F. 46 |
| 7. અપ્રમત્ત સંયત | G. 43 |
| 8. અપૂર્વકરણ | H. 39 |
| 9. અનિવૃત્તિકરણ | I. 26 |
| 10. સૂક્ષ્મસંપરાય | J. 25 |

| | |
|---|---|
| 11. ઉપશાન્ત મોહ વીતરાગ છદ્મસ્થ | K. 24 |
| 12. ક્ષીણ મોહ વીતરાગ છદ્મસ્થ | L. 22 |
| 13. સયોગી કેવલી | M. 17 |
| 14. અયોગી કેવલી | N. 16 |
| | O. 10 |
| | P. 9 |
| | Q. 7 |
| | R. 5 |
| | S. બંધ હેતુ હોતો નથી - 0 |

5) કર્મનો બંધ કયા કયા હેતુથી થાય ? – કયા કયા ગુણઠાણ?

| | |
|---|---|
| 1. મિથ્યાત્વ,અવિરતિ,કષાય,યોગ- 4 | A. માત્ર પહેલે(1) જ |
| 2. અવિરતિ,કષાય,યોગ- 3 | B. 1 થી 3 |
| 3. કષાય,યોગ- 2 | C. 4 થી 5 |
| 4. માત્ર યોગ જ- 1 | D. 2 થી 5 |
| | E. 6 થી 10 |
| | F. 6 થી 7 |
| | G. 8 થી 10 |
| | H. 11 થી 14 |
| | I. 11 થી 13 |
| | J. માત્ર ચૌદમું(14) જ |

6) ગુણઠાણામાં – એક જીવ ને એક સમયે જઘન્યથી કેટલા ઉત્તર બંધ હેતુ હોય ?

| | |
|---|---|
| 1. મિથ્યાત્વ | A. 10 |
| 2. સાસ્વાદન | B. 9 |
| 3. મિશ્ર | C. 8 |
| 4. અવિરત સમ્યગ્દ્રષ્ટિ | D. 5 |
| 5. દેશવિરતિ | E. 2 |

| | |
|---|---|
| 6. પ્રમત્ત સંયત | F. 1 |
| 7. અપ્રમત્ત સંયત | G. બંધ હેતુ હોતો નથી - 0 |
| 8. અપૂર્વકરણ | |
| 9. અનિવૃત્તિકરણ | |
| 10. સૂક્ષ્મ સંપરાય | |
| 11. ઉપશાન્ત મોહ વીતરાગ છદ્મસ્થ | |
| 12. ક્ષીણ મોહ વીતરાગ છદ્મસ્થ | |
| 13. સયોગી કેવલી | |
| 14. અયોગી કેવલી | |

**7) ગુણઠાણામાં – એક જીવ ને એક સમયે ઉત્કૃષ્ટથી કેટલા ઉત્તર બંધ હેતુ હોય ?**

| | |
|---|---|
| 1. મિથ્યાત્વ | A. 18 |
| 2. સાસ્વાદન | B. 17 |
| 3. મિશ્ર | C. 16 |
| 4. અવિરત સમ્યગ્દ્રષ્ટિ | D. 14 |
| 5. દેશવિરતિ | E. 7 |
| 6. પ્રમત્ત સંયત | F. 3 |
| 7. અપ્રમત્ત સંયત | G. 2 |
| 8. અપૂર્વકરણ | H. 1 |
| 9. અનિવૃત્તિકરણ | I. બંધ હેતુ હોતો નથી – 0 |
| 10. સૂક્ષ્મ સંપરાય | |
| 11. ઉપશાન્ત મોહ વીતરાગ છદ્મસ્થ | |
| 12. ક્ષીણ મોહ વીતરાગ છદ્મસ્થ | |
| 13. સયોગી કેવલી | |
| 14. અયોગી કેવલી | |

**8) કયો સાંનિપાતિક ભાવ – કોને હોય ?**

| | |
|---|---|
| 1. ક્ષાયોપશમિક-પારિણામિક-ઔદયિક એ ત્રિસંયોગી | A. સિદ્ધ ભગવંતોને જ હોય |
| 2. ક્ષાયોપશમિક-પારિણામિક-ઔદયિક-ક્ષાયિક એ ચતુ:સંયોગી | B. માત્ર અયોગી કેવલીને જ હોય |
| 3. ક્ષાયોપશમિક-પારિણામિક-ઔદયિક-ઔપશમિક એ ચતુ:સંયોગી | C. માત્ર સયોગી કેવલીને જ હોય |
| 4. પારિણામિક-ઔદયિક-ક્ષાયિક એ ત્રિસંયોગી | D. સયોગી અને અયોગી કેવલી ભગવંતને હોય |
| 5. ક્ષાયિક-પારિણામિક એ દ્વિસંયોગી | E. મનુષ્યોને હોય પરંતુ માત્ર ઉપશમશ્રેણીમાં જ હોય |
| 6. ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક એ પંચસંયોગી | F. મનુષ્યોને હોય પરંતુ માત્ર ક્ષપકશ્રેણીમાં જ હોય |
| | G. માત્ર મનુષ્ય ગતિમાં જ હોય |
| | H. માત્ર મનુષ્ય અને દેવગતિમાં જ હોય |
| | I. ચારે ગતિમાં હોય |

**9) કોન – કેટલા છે ?**

| | |
|---|---|
| 1. સિદ્ધ ભગવંતો | A. સંખ્યાતા |
| 2. એક જીવના પ્રદેશો | B. અસંખ્યાતા |
| 3. ઉત્સર્પિણી અને અવસર્પિણી રૂપ એક કાળચક્રના સમયો | C. અનંતા |
| 4. નિગોદના જીવો | |
| 5. પ્રત્યેક જીવના શરીરો | |
| 6. સાધરણ વનસ્પતિકાય(નિગોદ) ના શરીરો (ઔદારિક શરીરો) | |
| 7. સર્વ પુદ્ગલ પરમાણુ | |
| 8. લોકાકાશના પ્રદેશો | |
| 9. ત્રણે કાળના સમયો | |

| | |
|---|---|
| 10. કેવલ જ્ઞાન અને કેવલ દર્શનના પર્યાયો | |
| 11. યોગના નિર્વિભાગ અંશો | |
| 12. લોકાલોકના સર્વ આકાશ પ્રદેશો | |

**પ્ર.4 ખાલી જગ્યા પૂરો. (10 ના 2.5 માર્ક)**

1) ઉપશાન્તમોહ વીતરાગ છદ્મસ્થ(11) ગુણઠાણે ઉત્કૃષ્ટથી ______________ મનુષ્યો એકી સાથે પ્રવેશ કરે છે.

A) 9

B) 54

C) 108

D) 1008

2) ક્ષીણમોહ વીતરાગ છદ્મસ્થ(12) ગુણઠાણે ઉત્કૃષ્ટથી________________ મનુષ્યો એકી સાથે પ્રવેશ કરે છે અને પૂર્વે પ્રવેશ કરેલા __________________ હોય છે.

A) 108

B) 1008

C) જઘન્યથી 200 અને ઉત્કૃષ્ટથી 900

D) જઘન્યથી 2000 અને ઉત્કૃષ્ટથી 9000

3) પ્રમત્ત સંયત(6) ગુણઠાણે _________________ પ્રમત્ત સંયમી હોય છે.

A) જઘન્યથી 2(બે) ક્રોડ અને ઉત્કૃષ્ટથી 9 ક્રોડ

B) જઘન્યથી બસો(200) ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવસો(900) ક્રોડ

C) જઘન્યથી બે હજાર(2000) ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવ હજાર(9000) ક્રોડ

D) જઘન્યથી બે લાખ ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવ લાખ ક્રોડ

4) સયોગી કેવલી(13) ગુણઠાણે_______________સયોગી કેવલી ભગવંતો હોય છે.

A) જઘન્યથી બે(2) ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવ(9) ક્રોડ

B) જઘન્યથી બસો ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવસો ક્રોડ

C) જઘન્યથી બે હજાર ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવ હજાર ક્રોડ

D) જઘન્યથી બે લાખ ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવ લાખ ક્રોડ

5) અપ્રમત્ત સંયત(7) ગુણઠાણે _____________ અપ્રમત્ત સંયમી હોય છે.

A) જઘન્યથી બે ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવ ક્રોડ

B) જઘન્યથી બસો ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવસો ક્રોડ

C) જઘન્યથી બે હજાર ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવ હજાર ક્રોડ

D) જઘન્યથી બે લાખ ક્રોડ અને ઉત્કૃષ્ટથી નવ લાખ ક્રોડ

6) અવિરત સમ્યગ્દ્રષ્ટિ(4) ગુણઠાણે _________________ જીવો હોય છે.

A) દેશવિરતિ(5) ગુણઠાણાથી સંખ્યાત ગણા

B) મિશ્ર ગુણઠાણથી સંખ્યાત ગણા

C) મિશ્ર ગુણઠાણાથી અસંખ્યાત ગણા

D) મિશ્ર ગુણઠાણાથી અનંત ગણા

7) સાસ્વાદન(2) ગુણઠાણે _______________ જીવો હોય છે.

A) દેશવિરતિ(5) ગુણઠાણાથી સંખ્યાત ગણા

B) દેશવિરતિ(5) ગુણઠાણાથી અસંખ્યાત ગણા

C) મિશ્ર ગુણઠાણાથી સંખ્યાત ગણા

D) મિશ્ર ગુણઠાણાથી અસંખ્યાત ગણા

8) મિશ્ર(3) ગુણઠાણે ________________ જીવો હોય છે.

A) સાસ્વાદન(2) ગુણઠાણાથી સંખ્યાત ગણા

B) સાસ્વાદન(2) ગુણઠાણાથી અસંખ્યાત ગણા

C) અવિરત સમ્યગ્દ્રષ્ટિ(4) ગુણઠાણાથી સંખ્યાત ગણા

D) અવિરત સમ્યગ્દ્રષ્ટિ (4) ગુણઠાણાથી અસંખ્યાત ગણા

9) દેશવિરતિ(5) ગુણઠાણે _______________જીવો હોય છે.

A) પ્રમત્ત સંયત(6) ગુણઠાણાથી સંખ્યાત ગણા

B) પ્રમત્ત સંયત(6) ગુણઠાણાથી અસંખ્યાત ગણા

C) અવિરત સમ્યગ્દ્રષ્ટિ(4) ગુણઠાણાથી સંખ્યાત ગણા

D) અવિરત સમ્યગ્દ્રષ્ટિ(4) ગુણઠાણાથી અસંખ્યાત ગણા

10) ઉત્કૃષ્ટથી________________ મનુષ્યો એકી સાથે અપૂર્વકરણ(8) ગુણઠાણામાં પ્રવેશ કરે છે અને પૂર્વ પ્રવેશ કરેલા___________________હોય છે.

A) 108

B) 162

C) જઘન્યથી 200 અને ઉત્કૃષ્ટથી 900

D) જઘન્યથી 2000 અને ઉત્કૃષ્ટથી 9000

**પ્ર.5 નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા(×) તે લખીને જો ખોટું હોય તો વાક્ય સુધારીને સાચુ વાક્ય લખો. (16 ના 8 માર્ક)**

1) અનવસ્થિત,શલાકા,પ્રતિશલાકા,મહાશલાકા આ ચારે પ્યાલા જંબૂદ્વીપના માપ જેવા દસ લાખ યોજન લાંબા અને દસ(10) લાખ યોજન પહોળા અને કુલ એક હજાર આઠ યોજન ઉંડા(ઊંચા) હોય છે.

2) તે ચાર પ્યાલામાંથી પ્રથમ પ્યાલો શિખા સુધી ચોખાથી એવી રીતે ભરવો કે પછી તેમાં એક પણ ચોખાનો દાણો ન રહી શકે.

3) પ્રથમ પ્યાલો પહેલીવાર ખાલી થાય ત્યારે તે ખાલી થયાની સાક્ષી રૂપે એક સરસવનો દાણો શલાકામાં નાખે.

4) ચારે પ્યાલા જ્યારે સંપૂર્ણ શિખા સુધી ભરાય જાય ત્યારે એક મોટા દ્વીપમાં તે ચારે પ્યાલાના દાણા અને અત્યાર સુધી દ્વીપ-સમુદ્રમાં જેટલા સરસવ નાખ્યા હતા તે બધા પાછા લાવીને ઢગલો કરવો આ સર્વે દાણાની ગણતરી કરતા જે સંખ્ય આવે તેને ઉત્કૃષ્ટ સંખ્યા કહેવાય અને તેમાં એક ઉમેરવાથી પહેલું જઘન્ય પરિત્ત અસંખ્યાનું કહેવાય.

5) પહેલા જઘન્ય પરિત્ત અસંખ્યાતા જેટલા એક આવલિકાના સમયો છે.

6) પહેલા જઘન્ય પરિત્ત અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી પહેલું જઘન્ય પરિત્ત અનંત આવે.

7) એક(1) ને જઘન્ય સંખ્યાતુ કહેવાય છે.

8) જઘન્ય સંખ્યાતુ અને ઉત્કૃષ્ટ સંખ્યાતુ એક જ પ્રકારે હોય છે પણ મધ્યમ સંખ્યાતુ અસંખ્ય પ્રકારે હોય છે.

9) ચારે ચાર પ્યાલા સંપૂર્ણ શિખા સુધી સરસવના દાણાથી ભરાય જાય ત્યારે ચાર પ્યાલામાંથી સૌથી વધારે દાણા પ્રતિશલાકા પ્યાલામાં હોય.

10) ચારેચાર પ્યાલા સંપૂર્ણ શિખા સુધી સરસવના દાણાથી ભરાય જાય ત્યારે અનવસ્થિત,શલાકા,પ્રતિશલાકા અને મહાશલાકા પ્યાલાના દાણા અને અત્યાર સુધી દ્વીપ-સમુદ્રમાં જેટલા સરસવના દાણા નાખ્યા તે દાણા આ પાંચમાંથી સૌથી વધારે દાણા અત્યાર સુધી દ્વીપ-સમુદ્રમાં જેટલા સરસવના દાણા નાખ્યા તે દાણા થાય.

11) પહેલા જઘન્ય પરિત્ત અનંતનો રાશિ અભ્યાસ કરવાથી સાતમુ જઘન્ય અનંતાનંત આવે છે.

12) અન્ય ગ્રંથકાર ભગવંત કહે છે કે ચોથા જઘન્ય યુક્ત અસંખ્યાતાનો એક વાર વર્ગ કરવાથી પહેલું જઘન્ય પરિત્ત અનંતુ આવે છે.

13) અન્ય ગ્રંથકાર ભગવંત કહે છે કે ચોથા જઘન્ય યુક્ત અનંતાનો એક વાર વર્ગ કરવાથી નવમું ઉત્કૃષ્ટ અનંતાનંત થાય છે.

14) પહેલા જઘન્ય પરિત્ત અનંતા જેટલા અભવ્ય જીવો છે.

15) પાંચમા મધ્યમ યુક્ત અનંત સંખ્યા જેટલા સમ્યક્ત્વથી પડેલા જીવો અને સિદ્ધ ભગવંતો હોય છે પણ સિદ્ધ ભગવંતો કરતા સમ્યક્ત્વથી પડેલા જીવો અનંતગુણા હોય છે.

16) દરેક જઘન્ય અસંખ્યાતુ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતુ એક જ પ્રકારે હોય છે અને તેની ચોક્કસ રકમો છે પણ દરેક મધ્યમ અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે.

17) દરેક જઘન્ય અનંતુ અને ઉત્કૃષ્ટ અનંતુ એક જ પ્રકારે હોય છે પણ મધ્યમ અનંતાના અનંતા ભેદ છે.

18) વ્યવહારમાં આઠમા મધ્યમ અનંતાનંત સુધીની સંખ્યાનો ઉપયોગ થાય છે.નવમા ઉત્કૃષ્ટ અનંતાનંતે કોઈ વસ્તુ હોતી નથી.

**પ્ર.6 (5 માર્ક)**

ચાર પ્યાલા દ્વારા ઉત્કૃષ્ટ અસંખ્યાનું અને પહેલું જઘન્ય પરિત્ત અસંખ્યાનુ કેવી રીતે આવે તેનુ વર્ણન લખો..

■ ■ ■